## A. G. High School and G. & D. Parikh Higher Secondary School

Navrangpura, Ahmedabad - 380 009.

**S. A. : 1 Examination : 2014**

| | | |
|---|---|---|
| Date : 19-09-2014 | Std. : 10 (English Medium) | Marks : 100 |
| Day : Friday | Subject : Gujarati | Time : 3:00 Hrs. |

**PART : A** **Marks: 50**

### Section - A

**દરેક પ્રશ્નમાં આપેલ વિકલ્પ (A), (B), (C), (D)માંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો : (50)**

1. શ્રી કૃષ્ણને મટુકીમાં જોતાં કોને મૂર્છા આવી જાય છે ?
   (A) રાધાને (B) ગોવાળને
   (C) ગોપીને (D) યશોદા મા ને
2. ''સાયંકાળે''માં ખભે દંતાળી લઈ કોણ ઘર તરફ જાય છે ?
   (A) મજૂરો (B) ગોવાળિયા
   (C) ગામવાસી (D) ખેડૂતો
3. છપ્પા એટલે શું ?
   (A) છ પંક્તિવાળા પદ (B) છ પંક્તિનું ગીત
   (C) છ પંક્તિવાળો છંદ (D) છ પંક્તિવાળો કાવ્ય પ્રકાર
4. ''નમું'' કાવ્યના કવિ કોણ છે ?
   (A) સુંદરમ્ (B) દલપતરામ
   (C) કલાપી (D) 'અનિલ'
5. ''અંતર જામી'' એટલે......
   (A) અંતરના જામ પીનાર (B) અંતરના જામ પીવડાવનાર
   (C) પરમાત્મા (D) ચાકર
6. ''ખેહ'' એટલે......
   (A) સૂર્ય (B) ધૂળ
   (C) રવિ (D) પંજેટી
7. મીરાંબાઈનો જન્મ ક્યાં થયો હતો ?
   (A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ
   (C) ગુજરાત (D) ઉત્તર પ્રદેશ
8. શ્રી કૃષ્ણ કેટલી ગોપીના સ્વામી છે ?
   (A) છ હજાર (B) સોળ હજાર
   (C) સહસ્ર (D) સોળ સો
9. પ્રભુને પામવા સાધુઓ શું કરે છે ?
   (A) તપ (B) જોગ
   (C) ભજન (D) યજ્ઞ
10. ''કલાપી'' એ કોનું ઉપનામ છે ?
   (A) માણિક ગોડઘાટે (B) ત્રિભુવનદાસ લુહાર
   (C) જયંત પારેખ (D) સુરસિંહજી ગોહિલ
11. તોલું એટલે કેટલું વજન ?
   (A) 10 કિલો (B) 10 તોલા
   (C) 10 શેર (D) 10 મણ

12. ''મને ચાકર રાખોજી'' એવું મીરાં કોને કહે છે ?
(A) શ્રીકૃષ્ણને (B) પોતાના શેઠને
(C) રાણાને (D) દાદાને

13. પંખીઓ સ્વભાવે કેવા હોય છે ?
(A) જિદ્દી (B) ગભરુ
(C) નાજુક (D) શરમાળ

14. પ્રભુને પામવા જોગીઓ શું કરે છે ?
(A) તપ (B) જોગ
(C) ભજન (D) યજ્ઞ

15. આથમતા સૂરજને જોતા કવિ શું બોલે છે ?
(A) પૂજે જનો સૌ તારાને (B) પૂજે લોકો સૌ સૂર્યને
(C) પૂજે જનો સૌ ઉગતા રવિને (D) નમન કરે સૌ સૂરજને

16. ભગવાન બુદ્ધ ક્યાં વિહાર કરતાં હતાં ?
(A) છપૈયા (B) કપિલવસ્તુ
(C) હરિદ્વાર (D) કોલિયગ્રામ

17. 'પુદ્ગલ'નો અર્થ.........
(A) આશા (B) આત્મા
(C) અંશ (D) આંસુ

18. 'ચકલીઓ' પાઠના અનુવાદકનું નામ શું છે ?
(A) ગ્રેસ (B) સુરેશ પટેલ
(C) ડાહ્યાભાઈ ત્રવાડી (D) જયા મહેતા

19. ''આંગળી ઝાલીને દોરજે'' કૃતિમાં કોણે પત્ર લખ્યો છે ?
(A) અબ્રાહ્મ લિંકન (B) મીરાંબાઈ
(C) હરિવલ્લભ ભાયાણી (D) સુરેશ પટેલ

20. મૌલાના રૂમી કઈ સદીના લેખક હતા ?
(A) અગિયારમી સદી (B) બારમી સદી
(C) સત્તરમી સદી (D) ~~અઢારમી~~ સદી તેરમી

21. કઈ નદીને ઉત્તર ગુજરાતની અંબા કહે છે ?
(A) નર્મદા (B) તાપી
(C) સાબરમતી (D) મહી

22. દરિયાંકિનારાના સૂર્યસ્તને જોઈ લેખકને શેની ઈચ્છા થાય છે ?
(A) તડકો માણવાની (B) જીવન ને જીવવાની
(C) છીપલાં વીણવાની (D) મૃત્યુને માણવાની

23. જાતક કથાઓ મૂળ કઈ ભાષામાં લખાયેલી છે ?
(A) પાલિ (B) સંસ્કૃત
(C) ગુજરાતી (D) અરબી

24. 'દરિયા કિનારે' કૃતિનો પ્રકાર જણાવો.
(A) વાર્તા (B) નિબંધ
(C) ઐતિહાસિક (D) (ભાષાંતર) અનુવાદ

25. ભગવાન બુદ્ધના ક્યા વચનો દ્વારા બંન્ને પક્ષો શાંત થયા ?
(A) પ્રાણ વચન (B) આશીર્વચન
(C) માર્મિક વચન (D) શિક્ષા વચન

26. ''આંગળી ઝાલીને એને દોરજે'' નો પત્ર ક્યા પ્રસંગે લખાયો છે ?
(A) શાળાએ જવાની શરૂઆતમાં (B) પરદેશ જવાની શરૂઆતમાં
(C) શાળા છોડવાના સમયે (D) પરદેશથી પાછા આવતાં

27. ''ચકલીઓ'' કૃતિ ક્યાં સંગ્રહમાંથી લીધેલો અંશ છે ?
(A) સુધા (B) ચર્ચબેલ
(C) વિવેચન (D) શાન્ત

28. ''સંગમ શોભના સાબરમતી''ના લેખકનું નામ શું છે ?
(A) શેષ (B) સુરેશ પટેલ
(C) રામપ્રસાદ શુક્લ (D) રામપ્રસાદ પંડ્યા

29. ''મેટ્રિક'' એટલે..........
(A) બારણું ધોરણ (B) દસમું ધોરણ
(C) એક પ્રકારનું કાપડ (D) અગિયારમું ધોરણ

30. ''હિંદનું પંખી'' પાઠમાં શાનો મહિમા કરવામાં આવ્યો છે ?
(A) ગુલામીનો (B) સ્વતંત્રાનો
(C) વાંચવાનો (D) ખાવાનો

31. નીચેનામાંથી દ્વન્દ્વ સમાસ શોધો.
(A) પરગામ (B) મિત્રભાવ
(C) માતાપિતા (D) તળાવ કાંઠે

32. નીચેનામાંથી તત્પુરુષ સમાસ શોધો.
(A) ચરણરજ (B) સોનું ચાંદી
(C) દ્વારકેશ (D) શિક્ષાવચન

33. નીચેનામાંથી ~~કર્મધારય~~ ઉપપદ સમાસ શોધો.
(A) બે-ત્રણ (B) દયાપાત્ર
(C) જશોદા (D) રાત દિવસ

34. નીચેનામાંથી ઉપપદ સમાસ શોધો.
(A) શેષ (B) રુદન
(C) કાચઘર (D) હૈયાફાટ

35. નીચેનામાંથી કઈ સંધિ સાચી નથી...
(A) યોગેશ્વર = યોગ + ઈશ્વર (B) ઈતિ + આદિ = ઈત્યાદિ
(C) યથેષ્ટ = યથા + ઈષ્ટ (D) પરોપકાર = પરોપ + કાર

36. નીચેનામાંથી કઈ સંધિ સાચી છે.
(A) નિશ + નય (B) પ્રેમા + અનંદ
(C) કવિ + ઈશ્વર (D) વિશા + આત્

37. નીચેનામાંથી કઈ સંધિ સાચી છે.
(A) રામસ્ + શ્વર (B) રામ + ઈશ્વર
(C) રામે + શ્વર (D) રમા + શ્વર

38. નીચેનામાંથી સાચી સંધિ શોધો.
(A) વિદ્યાર્થી = વિદ્યા + અર્થી
(B) પરીક્ષા = પર + ઈક્ષા
(C) દેવીચ્છા = દેવ + ઈચ્છા
(D) સિંધૂર્મિ = સિંધુ + ઊર્મિ

39. 'ધોબી-ધોબણ' હોય તો મોચી........?
(A) મોચીઓ
(B) મોચીનું
(C) મોચણ
(D) મોચી માટે

40. મૂળગું એટલે.....?
(A) વેગળું
(B) પૂરેપૂરું
(C) વધવું
(D) સર્વત્ર

41. પગમાં પાંખ ફૂટવી એટલે.....?
(A) માથું નમાવવું
(B) ધુમ્મસ દેખાવું
(C) ખલાસી
(D) ફરવાનું (રખડવાનું) મન થવું

42. વિક્ટોરિયન યુગ એટલે......?
(A) વિક્ટોરિયા ગાર્ડનની જગ્યા
(B) મહારાણી વિક્ટોરિયાના મૃત્યુ પછીનો સમય
(C) મહારાણી વિક્ટોરિયાનો સમય
(D) મહારાજા ચાર્લ્સનો સમય

43. ''મૃદુતા'' શબ્દનો વિરોધી શબ્દ શોધો.
(A) ક્રોધ
(B) કઠોરતા
(C) કંકાસ
(D) કરુણા

44. નીચેનામાંથી ક્યો શબ્દ એકવચનમાં છે ?
(A) ગાડીઓ
(B) લોકો
(C) પાંજરું
(D) ઘોડાઓ

45. ''બાળકો રમે છે' વાક્યનું એકવચન બનાવો.
(A) એકવચન થાય નહીં
(B) બાળકથી રમાય છે
(C) બાળકી રમે છે
(D) બાળક રમે છે

46. ''મા-બાપ બાળકોની મદદમાં <u>હંમેશા પાસે હોય</u> છે.''
વાક્યનાં રેખાંકિત શબ્દો માટે નીચેનામાંથી ક્યો રૂઢિપ્રયોગ વાપરી શકાય ?
(A) હથેવાળો થવો
(B) હાથવગું હોવું
(C) હાથ નીચે હોવું
(D) હાથથી હોવું

47. ''ચોટલો'' ક્યું લિંગ દર્શાવે છે ?
(A) સ્ત્રીલિંગ
(B) નપુસકલિંગ
(C) પુલ્લિંગ
(D) (A) અને (B) બંને

48. ''જેના જીવનમાં <u>સંતોષ છે તે હંમેશાં સુખી રહે છે</u>'' આ અર્થ દર્શાવતી કહેવત શોધો.
(A) ધન એ જ સંતોષ
(B) સંપ ત્યાં જંપ
(C) પૈસા માટે જ જીવન
(D) સંતોષી નર સદા સુખી

49. ''ગુરુ''' પરથી બનેલો શબ્દ શોધો.
(A) ગણતરી
(B) ગણિત
(C) ગુરુત્વ
(D) ગામ

50. 'કસોટી' શબ્દના ધ્વનિ ઘટકો શોધો.
(A) ક્ + અ + સ્ + ઓ + ટ્ + ઈ
(B) ક્ + સ્ + ઓ + ટ્ + ઈ
(C) ક + અ + સ + ઓ + ટ + ઈ
(D) ક્ + અ + સો + ટ્ + ઈ

• • •

## PART - B

### SECTION : A

**નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે ચાર)** **(08)**

1. અગ્નિ અને ધુમાડાના ઉદાહરણ દ્વારા અખો શું સૂચવે છે ?
2. લોકમત પ્રમાણે સાબર ''સાબરમતી'' ક્યાં આગળ બને છે ?
3. પંખીઓના ઊડી જવા પાછળ કવિ ક્યું કારણ માને છે ?
4. અખાંના મતે શેનું શેનું અભિમાન નડે છે ?
5. મીરાંબાઈ શા માટે શ્રી કૃષ્ણની ચાકરી કરવા ઈચ્છે છે ?

**નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **(04)**

6. ભીની રેતીમાં ચાલવાનો લેખકનો અનુભવ કેવો છે ?
7. ચિત્રવિચિત્રેશ્વર મહાદેવના સ્થાનનો પરિચય આપો.
8. કવિને માનવતાની જીત શા માં લાગે છે ?

**નીચે આપેલા પ્રશ્નનો જવાબ પાંચ-છ વાક્યમાં સવિસ્તર લખો. (ગમે તે એક)** **(03)**

9. લેખકે સાબરમતીના ક્યા ક્યા સંગમોની વાત કરી છે ? કઈ રીતે ?
10. ચકલીઓ ઘરમાં ન આવે તે માટે લેખકે શું શું કર્યું ?

### SECTION : B

**નીચેના ગદ્યનું વિસ્તૃતીકરણ કરો :** **(05)**

સમયની મૂડી ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી, યોજનાપૂર્વક વ્યવસ્થિત રીતે ખર્ચે છે, તો બીજી વ્યક્તિ આડેધડ અને અવિચારીપણે વેડફી નાંખે છે, આના પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે, બીજાને થાક અને નિષ્ફળતા, સમય અને શક્તિ ભેગા થાય તો એ ધારે તે કરી શકે.

12. **નીચેની પંક્તિઓનો અર્થવિસ્તાર કરો. (ગમે તે એક)** **(05)**

''સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.''

<u>અથવા</u>

''સજ્જન કેરા સંગથી, ટળે બધા પરિતાપ,
સીલ લાખ પર દાબતાં, ઊઠે ઉત્તમ છાપ.''

### SECTION : C

**નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો :** **(05)**

આખરે ઉજાગરાનો અંત આવ્યો,
લગન ઉકલી ગયાં

મા હવે
ઘરની ચીજ-વસ્તુઓ ગણે છે.
સંભારી સંભારી મેળવે છે
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી - વાડકા - ગ્લાસ -ડિશ -
બધું બરારબ છે.
ક્યાંય કશું ખોવાયું નથી.
કશું ય ગયું નથી
પણ
અચાનક કંઈક યાદ આવતાં,
એ ઓરડા વચ્ચે
ઊભી રહી જાય છે
આંખોમાંથી ટપકું ટપકું થાય છે
ખારો ખારો પ્રશ્ન :
''મારી દીકરી ક્યાં ?''

**- જયંત પાઠક**

**પ્રશ્નો :**

1. ઉજાગરાનો અંત કેવી રીતે આવ્યો ?
2. મા કઈ કઈ વસ્તુઓ ગોઠવે છે ?
3. દીકરીની યાદ આવતાં મા શું કરે છે ?
4. માની આંખમાં ક્યો પ્રશ્ન છે ?
5. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**નીચે આપેલો ગદ્યખંડ વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : (05)**

હકનું સાચું મૂળ કર્તવ્ય પાલનમાં રહેલું છે. જો આપણે બધા આપણી ફરજો બરાબર બજાવીએ તો આપણે હકો મેળવવા બહુ દૂર નહીં જવું પડે. જો આપણે ફરજો બજાવ્યા વગર હકો પાછળ દોડીએ તો તે મૃગજળની માફક છટકી જશે અને તેની પાછળ જેટલાં પડીશું તેટલાં તે આપણાથી દૂરને દૂર રહેશે, જીવનની મુખ્ય જરૂરિયાતો મેળવવાનો હક જેટલો પશુ-પંખીને છે તેટલો જ સરખો હક મનુષ્યને છે અને દરેક હકની અને તેને લગતી ફરજ અને હક પર હુમલો થાય તો તેની સામેનો ઈલાજ જાણી લેવાનો જ હોય છે. તેથી પ્રાથમિક પાયારૂપ સમાનતાને સાચવવાને સારું તેને લગતી ફરજો અને ઇલાજો શોધી કાઢવા જ રહ્યા, મારા અંગો વડે શ્રમ કરવો એ હકને લગતી ફરજ છે અને એ શ્રમનું ફળ મારી પાસેથી પડાવી લેનાર જોડે અસહકાર કરવો એ હક સાચવવાનો ઈલાજ છે.

**પ્રશ્નો :**

1. હકનું સાચું મૂળ શામાં રહેલું છે ?
2. ફરજ બજાવ્યા વગર હક પાછળ દોડવાથી શું પરિણામ આવે છે ?
3. જીવનની મુખ્ય જરૂરિયાતો મેળવવાનો હક કોને કોને છે ?
4. હક અને ફરજની સમાનતાને સાચવવા આપણે શું કરવું જોઈએ ?
5. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

15 તમારો નાનો ભાઈ ટી.વી. વધુ જુએ છે તો તેને અભ્યાસનું મહત્ત્વ સમજાવતો પત્ર લખો. (05)

<u>અથવા</u>

એક રેલવે અકસ્માતનો જાતે જોયો હોય તેવો અહેવાલ લખો.

## SECTION : D

16 પાણીનું કશું મુલય નહિ એમ તમે કહો છો ને સારું તો (02)
પછી આ બધા ઊભા છે તે શત્રીયો શા ભાવે મળે છે તે જનાવશો.

17 **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 150 શબ્દોમાં નિબંધ લખો.** (08)

**<u>વૃક્ષો વાવો, જીવન બચાવો :</u>**

પ્રાસ્તાવિક - વૃક્ષોની ઉપયોગિતા - વસ્તી વધારાની સાથે ઉભા થયેલા પ્રદૂષણના પ્રશ્નો - પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ - ઉપસંહાર.

<u>અથવા</u>

**<u>આપણા ઉત્સવો અને તહેવારો :</u>**

પ્રસ્તાવના - તહેવારોની ઉજવણીના લાભ - ઉત્સવોની ઉજવણીના લાભ - ઉપસંહાર.

• • •